ભાષા નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૧, પહેલો માળ,
ડા. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:- સરકારી કર્મચારીઓ માટેની હિન્દી ભાષાની પરીક્ષાઓ મુક્તિ અંગે માર્ગદર્શન

ઉપરના વિષય અંગે સવિનય જણાવવાનું કે: સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૯/૬૭ના ઠરાવ નં. હભપ/૧૧૬૭-ક હેઠળ ભાગ-૩,હિન્દી ભાષા પરીક્ષાઓમાંથી મુક્તિ મળવા અંગે નિયત કર્યા પ્રમાણે કેટલીક શૈક્ષણિક લાયકાતને ધોરણે જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ ત્યારબાદ વખતોવખત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૫/૬૮ના સુધારા નં. હભપ/૧૧૬૮-ક, તા.૨૯/૬/૬૮ના સુધારા નં. હભપ/ ૧૧૬૮-ક, તા.૫/૨/૬૯ના પરિપત્ર નં. હભપ/૧૧૬૯-ક, તા.૨૧/૫/૮૫ના ઠરાવ નં. હભપ/ ૧૦૮૩/ ૧૯૮૮-ક અને તા.૨૩/૨/૮૮ના સુધારા ઠરાવ ક્રમાંક: હભપ/૧૧૬૮-ક તથા ૧/૧૨/૭૧ના ઠરાવ નં. હભપ/૧૧૭૧/૨૮૦૭-ક, હેઠળ કરેલા આંશિક સુધારા બહાર પાડતાં તે અંગે ખાતા/ કચેરીઓને ગેરસમજ ઊભી થતાં જરૂરી માર્ગદર્શન મેળવવા અંગે પૂછાણ કરવામાં આવે છે તેથી નીચે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા સંબંધિત કર્મચારીઓને જે તે શ્રેણીની હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મંજૂર કરી શકાય તે અંગે આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

www.gascadre.com

(ક) ઉચ્ચશ્રેણી માટે મુક્તિ બાબત.

૧. (૧) રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધાની 'કોવિદ' પરીક્ષા.
(૨) હિન્દુસ્તાની પ્રચારસભા વર્ધા અને મુંબઈ 'કાબિલ' પરીક્ષા
(૩) મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા પ્રચારસભા પૂનાની ચોથી પરીક્ષા એટલે કે 'પ્રવિણ'
(૪) દક્ષિણ ભારત હિન્દી પ્રચારસભાની કર્ણાટક હિન્દી પ્રચારસભા ધારવાડ દ્વારા લેવાતી ચોથી પરીક્ષા ( એટલે કે પ્રવેશિકા ).
(૫) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની 'વિનિત' પરીક્ષા પાસ કરી હોય તેને ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકશે.

૨. જેમની માતૃભાષા હિન્દી હોય તેવા સરકારી કર્મચારીઓએ એસ.એસ.સી.કે તેની સમકક્ષ પરીક્ષા હાયર લેવલ હિંદી વિષય સાથે પાસ કરી હોય તેમને ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકે.

.. ૨ ...

૩. જે સરકારી કર્મચારીએ એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા હિન્દી વિષય સાથે અથવા પ્રિ.યુનિવર્સિટી પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરી હોય અને તે ઉપરાંત તેણે ત્રિવાર્ષિક ડિગ્રી અભ્યાસક્રમના પ્રથમ વર્ષની પરીક્ષા કે તેની સમકક્ષ પરીક્ષામાં વૈકલ્પિક મુખ્ય અથવા ગૌણ હિન્દી વિષયમાં ૩૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી આ પરીક્ષા પાસ અથવા નાપાસ થયા હોય તેવા કર્મચારીને ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકે પરંતુ એ શરતે કે આ ત્રિવાર્ષિક ડિગ્રીનો પ્રથમ વર્ષની પરીક્ષાના પ્રમાણપત્ર હિન્દી વિષયના અલગ ગુણ આપવામાં આવ્યા હોય તો જ મુક્તિ આપી શકાય.

૪. જે સરકારી કર્મચારી વૈધાનિક યુનિવર્સિટીની ડિગ્રી કે તેથી ઉચ્ચકક્ષાની પરીક્ષામાં હિન્દીને ફરજિયાત કે વધારાના વિષય તરીકે રાખી અથવા મા. (શિક્ષણ પદ્ધતિ હિન્દી રાખી પાસ થયેલ હોય, તેને ઉચ્ચશ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુક્તિ મળી શકે.

૪. (ખ) <u>નિમ્નશ્રેણી માટે મુક્તિ બાબત :</u>

૧. જે સરકારી કર્મચારીઓએ સરકાર માન્ય નીચે દર્શાવેલી ખાનગી સંસ્થાની હિન્દી પરીક્ષાઓ પૈકી

(૧) રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની 'પરિચય' પરીક્ષા.

(૨) હિન્દુસ્તાની પ્રચારસભા, વર્ધા અને મુંબઈની 'તીસરી પરીક્ષા'

(૩) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની 'તીસરી' પરીક્ષા.

(૪) મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા સભા પૂનાની 'તીજી' પરીક્ષા.

(૫) દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભાની કર્ણાટક.

(૬) સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ દ્વારા લેવાયેલી 'તીસરી પરીક્ષા' પાસ કરી હોય તેમને હિન્દી નિમ્નશ્રેણી પરીક્ષામાંથી મુક્તિ મળી શકશે.

૨. જે સરકારી કર્મચારીએ એસ.એસ.સી. અથવા કોઈ વૈધાનિક સંસ્થાની સમકક્ષ પરીક્ષા હિંદી વિષય સાથે પાસ કરી હોય તેને નિમ્નશ્રેણી હિન્દી પરીક્ષામાંથી સંપૂર્ણ મુક્તિ મળી શકે. તેમાં આ એસ.એસ.સી. પરીક્ષા હિન્દી વિષય સાથે ક્યારે પાસ કરી તે જોવું જરૂરી નથી.



www.gascadre.com

3. બોલચાલશ્રેણી માટે મુકિત બાબત :-

1. જે સરકારી કર્મચારીઓએ સરકાર માન્ય નીચે દર્શાવેલી ખાનગી સંસ્થાની હિન્દી પરીક્ષાઓ પૈકી,

(૧) રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધાની 'પ્રવેશ પરીક્ષા'

(૨) હિન્દુસ્તાની પ્રચારસભા, વર્ધા અને મુંબઈની 'દુસરી પરીક્ષા'

(૩) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની 'દુસરી પરીક્ષા'

(૪) મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા સભા પૂનાની બીજી પરીક્ષા.

(૫) દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભાની કર્ણાટક હિન્દી પ્રચારસભા, ધારવાડ દ્વારા લેવાયેલી 'બીજી પરીક્ષા'

(૬) સૌરાષ્ટ્ર સભા, રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા લેવાયેલી દુસરી પરીક્ષા પાસ હોય તેને બોલચાલશ્રેણી હિન્દી પરીક્ષામાંથી મુકિત મળી શકશે.

૨. જે સરકારી કર્મચારીઓએ ધોરણ-૭ કે તેની સમકક્ષ પરીક્ષા હિન્દી વિષય સાથે પાસ કરી હોય તેને બોલચાલશ્રેણીની પરીક્ષા પાસ કરવામાંથી મુકિત મળી શકે.

3. જે જગ્યાની ફરજો મશીનરી કાર્યપધ્ધતિ સાથે સંકળાયેલી હોય તેવી જગ્યાઓના ભરતી નિયમોમાં જો આવી જગ્યા માટેની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ-૪ પાસની હોય તેવી જગ્યા પરના કર્મચારીઓને બોલચાલશ્રેણીની વાતચીતની પરીક્ષા આપવાની રહેશે. અને શ્રુતલેખનની પરીક્ષામાંથી મુકિત મળશે.

(૧) સરકારી કર્મચારીઓના નિયત સમયમાં હિન્દી પાસ ન કરવા બદલ અટકાવેલા ઈજાફા નિયતશ્રેણીની હિન્દી પરીક્ષા પાસ કર્યા બાદ પરીક્ષા જે તારીખે પુરી થાય તે પછીની તારીખથી છૂટા કરવા.

(૨) મુકિત અંગેના હુકમો સંબંધિત ખાતાના વડાએ કરવાના રહેશે.

× × ×

× ×

×